## જન્મદિને વધામણી



**પ્રિયંવદાબેન અશ્વિનકુમાર વ્યાસ**
ફોન : ૨૩૨૨૬૦૯૮



**પ્રો. ડો. હસમુખ જી દેસાઈ**
ગૂજરાત વિદ્યાપીઠ
મો. ૯૪૨૮૪ ૨૦૯૩૩

# કોમી એખલાસભર્યા માહોલમાં આજે હુસેની ચોકથી તાજિયા જુલુસ નીકળશે

ગાંધીનગર, તા. ૨૩

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત મહંમદ સાહેબના દોહિત્ર હજરત ઈમામ હુસેન અને હજરત ઈમામ હસને તેમના ૭૨ ચુનંદા સાથીઓ સાથે માનવતાનાં મૂલ્યો ખાતર કરબલાના મેદાનમાં શહીદી વહોરી હતી. તેમની શહાદતની યાદમાં મહોરમના દસમા ચાંદે મુસ્લિમ બિરાદરો ભારે શોક અને માતમ સાથે યમને-અસુરા મનાવે છે. આ પ્રસંગે સૅક્ટર-૨૯ હુસેની કમિટી દ્વારા તાજિયા જુલુસનું આયોજન કરવામાં આવ્યું છે.

આઝાદભાઈ મનસુરી અને દરિયાખાન સિપાહી દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે જુલુસ શનિવારે બપોરે ૨ વાગ્યે હુસેની ચોક, સૅક્ટર-૨૯ ખાતેથી આરંભ પામશે. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝનાં સંચાલિકા કૈલાસદીદી, મહામંડળના હોદ્દેદારો, દરેક ધર્મના આગેવાનો, રાજકીય નેતાઓ પુષ્પાંજલી અર્પણ કરશે. એખલાસના માહોલમાં જુલુસનો આરંભ કરવામાં આવશે. ત્યારબાદ આ જુલુસ ઘ-૬ સર્કલ પહોંચશે. ત્યાંથી ઈન્દિરાનગર, સૅક્ટર-૨૪નું જુલુસ પણ આ જુલુસ સાથે જોડાશે. ત્યારબાદ બધા જુલુસ ઘ-૬ સર્કલથી નીકળીને ઘ રોડ, ઘ-૫, ૧૭-૨૨, ચ-૬, સૅક્ટર-૨૧ મસ્જિદ, શાક માર્કેટ, સૅક્ટર-૩૦ ગુરુદ્વારા થઈ સૅક્ટર-૩૦ ચાર રસ્તા પાસે પહોંચશે. જ્યાં રાતના ૮.૩૦ કલાકે કરબલા ગ્રાઉન્ડ ખાતે તાજીયા ઠંડા કરવામાં આવશે અને જુલુસનું વિસર્જન થશે.

નગરની ધર્મપ્રેમી જનતાને તાજિયા જુલુસમાં ભાગ લેવા હુસેની કમિટી તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આપણું ફાઉન્ડેશન તથા સ્કાય ગૃપ દ્વારા ગરબા સાથે સામાજિક સંદેશો અપાયો



ગાંધીનગર, તા. ૨૩

નવલી નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓ જ્યારે મન મૂકીને ગરબે ઘૂમે છે ત્યારે ગરબામાં લોકજાગૃતિ માટેનો નવતર પ્રયાસ ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ પર આપણું ફાઉન્ડેશન અને સ્કાય ગૃપ દ્વારા કરવામાં આવ્યો હતો.

લોકજાગૃતિના આ પ્રયાસમાં ઘણી વિવિધતા જોવા મળી હતી. રંગબેરંગી વસ્ત્રો અને ગરબાના સ્ટેપ્સમાં તો નવિનતા હતી જ પરંતુ એ ઉપરાંત પણ ઘણી વિવિધતા જોવા મળી હતી. બેટી બચાવો, સ્વચ્છ ગુજરાત-આપણું ગુજરાત, રક્તદાન મહાદાન, વૃક્ષો વાવો-વરસાદ લાવો, પાણી બચાવો-જીવન બચાવો, સૌ ભણે સૌ આગળ વધે, સ્વચ્છ ભારત અભિયાન, ગૌ હત્યા અટકાવો જેવા અનેકવિધ સંદેશા યુવાઓ દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા સ્વચ્છ ભારત મિશનની ઝાંખી ગરબામાં પણ જોવા મળી હતી. આ સાથે ગૌ હત્યા અટકાવવા તેમજ કતલખાનાં બંધ થાય તેવી લાગણી સાથે પણ ખેલૈયાઓ આ વિષયનાં પોસ્ટર્સ સાથે ગરબે ઘૂમ્યા હતા અને લોકોનાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

સમાજપ્રેમી પ્રેક્ષકોએ યુવાઓના આ દૃષ્ટિકોણ અને પ્રયાસને બિરદાવ્યો હતો.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઈન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

# દશેરામાં શક્તિપૂજન અને રાવણદહન



સૅક્ટર-૬ ચ ટાઈપ વસાહત મંડળ દ્વારા દશેરા નિમિત્તે રાવણ દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્થાનિક રહેવાસી ધર્મેશ ઠાકોર, વિશાલ ઠાકોર, પ્રવીણ ઠાકોર, સંકેત, મિલન, પંક્તિ ઠાકોર દ્વારા રાવણની વિશાળ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી અને ગુરુવારે રાત્રે ૮ કલાકે તેનું દહન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં સ્થાનિક વસાહતીઓ તથા આસપાસના નાગરિકો આ પ્રસંગે ઉમટ્યા હતા. આ પ્રસંગે અસંખ્ય દીવડાઓની મહાઆરતીનું આયોજન કરાયું હતું ને મા અંબાની આરાધનારૂપે દીવડાથી 'મા' શબ્દ સર્જિક કરાયો હતો.

## ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન ખાતે કાવ્યરચના સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાંથી કાવ્યના વિવિધ પ્રકારો વિશે લેખનકાર્ય કરતાં શીખે તે હેતુથી ગુરુવારે કાવ્યરચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રમેશ ઠક્કરનાં પાંચ પુસ્તકોનું આજે વિમોચન

## ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે સાંજે સમારોહ



ગાંધીનગર, તા. ૨૨

જાણીતા સાહિત્યકાર રમેશ ઠક્કરનાં પાંચ પુસ્તકોનો વિમોચન સમારોહ તા. ૨૪ ઑક્ટોબર ને શનિવારે સાંજે ૬.૩૦ કલાકે રા વિ પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

સમણાં સાથે સવાર, ઈશાન ખૂણેથી, આયનાનું અજવાળું, ઈચ્છાની પેલે પાર અને સંવેદનનું સ્ટેટસ નામનાં આ પાંચ પુસ્તકોનું વિમોચન સમારોહ અંતર્ગત કરવામાં આવશે. પુસ્તકોનું પ્રકાશન બૂકશૅલ્ફ દ્વારા કરવામાં આવ્યું છે.

વિમોચન સમારોહના અધ્યક્ષ તરીકે સુપ્રસિદ્ધ સાહિત્યકાર રઘુવીર ચૌધરી, અતિથિ વિશેષ તરીકે ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા તથા વક્તા તરીકે જાણીતા કટાર લેખક જય વસાવડા ઉપસ્થિત રહેશે. ખ્યાત કવિ હરદ્વાર ગોસ્વામી કાર્યક્રમનું સંચાલન કરશે.

# 'ગુજરાત' દીપોત્સવી અંક : રૂપ-ગુણથી સજ્જ ઍઝ ઑલવેઝ






છેલ્લાં ૨૦ વર્ષથી 'ગુજરાત સરકાર'નું મૅગેઝીન ગુજરાત સરકારી સમાચારોને કારણે ને બહોળા ફેલાવાને કારણે ખ્યાત છે જ, પરંતુ એ લોકપ્રિય છે પોતાના દીપોત્સવી અંકને કારણે.

અભ્યાસ લેખો, નવલિકાઓ, કાવ્યો અને સુંદર મજાની તસવીરોથી સજ્જ ગુજરાતનો દીપોત્સવી અંક એ ન માત્ર વાચકોમાં પરંતુ સાહિત્યકારોમાંય એટલું જ મહત્ત્વ ધરાવે છે. ગુજરાતના દીપોત્સવી અંકમાં પોતાની કૃતિ હોય એ બાબતને સાહિત્યસર્જકો પોતાના સન્માનની વાત માને છે. કેટલાંક સાહિત્યકારો તો એવાં પણ છે કે જેમની સાહિત્યકૃતિઓ કેટલાંય વર્ષોથી અખંડપણે ગુજરાતના દીપોત્સવી અંકમાં પ્રકાશિત થયા કરે છે! ગુજરાતના આ અંકમાં સાહિત્ય તો ઉચ્ચકક્ષાનું હોય જ છે. પરંતુ અહીં વાત કરવી છે તસવીરોની, જે ગુજરાતનો દીપોત્સવી અંક હાથમાં આવતાં જ નજરમાં વસી ગઈ. ગુજરાતના આ અંકમાં સુંદર સાહિત્યની સાથે ૪૯ જેટલા ફોટોગ્રાફર્સની સુંદર તસવીરો પણ મૂકવામાં આવી છે.

'એક તસવીર હજાર શબ્દોની ગરજ સારે છે' એ ઉક્તિને યાદ કરી ગુજરાત દીપોત્સવી અંક-૨૦૭૧માં પ્રકાશિત થયેલી અફલાતૂન તસવીરો પૈકી થોડી માણીએ.
















# ૧૦૦ સાહિત્યસર્જકો પૈકી ૩૦ સર્જકો ગાંધીનગરના !



(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય માહિતી ખાતા દ્વારા પ્રકાશિત પાક્ષિક 'ગુજરાત'નો દીપોત્સવી અંક પ્રકાશિત થઈ ગયો છે. શુક્રવારે ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેનું વિમોચન કર્યું ને અંક ઉપર પોતાના હસ્તાક્ષર પણ કર્યા.

પોતાની હંમેશની પરંપરાની જેમ ગુજરાતનો આ વખતનો દીપોત્સવી અંક પણ રૂપ-ગુણથી સભર જ છે, પરંતુ એથીય વિશેષ ગાંધીનગર માટે ગર્વ લેવા જેવી વાત એ છે કે ૩૦ જેટલા સાહિત્યસર્જકોની કૃતિઓને ગુજરાતના આ દીપોત્સવી અંકમાં સ્થાન મળ્યું છે. ગર્વથી એમ કહી શકાય કે ગુજરાત દીપોત્સવી અંકના ૧૦૦ સર્જકો પૈકી ૩૦ સર્જકો તો ગાંધીનગરના છે. અને હા, ગાંધીનગરના યુવા ફોટોગ્રાફર પરેશ પ્રજાપતિનો સુંદર ફોટોગ્રાફ પણ ગુજરાતના આ દીપોત્સવી અંકમાં પ્રકાશિત થયો છે.

'મારી કૃતિ ગત વર્ષે ગુજરાતના દીપોત્સવી અંકમાં પ્રકાશિત થઈ ચૂકી છે, એકવાર એ સન્માન મને મળી ચૂક્યું છે એટલે હવે હું એ તક બીજાને આપવા માગુ છું.' એમ કહીને ગુજરાતના દીપોત્સવી અંકમાં કૃતિ મોકલવાનું આમંત્રણ મળ્યા છતાં કૃતિ નહીં મોકલનાર સર્જક પણ ગાંધીનગરના જ છે એય ગાંધીનગરનું ગૌરવ છે!

ગુજરાતના અભ્યાસલેખ સંપુટમાં શિવશંકર દવે (મહાવીર-દાની-પરાક્રમી : કર્ણ), વસંત ગઢવી (મારે સાબુ તો થાવું છે જીવતર ખોવા માનવીના ધોવા મેલને) સ્થાન પામ્યા છે, તો નવલિકા સંપુટમાં મોહમ્મદ માંકડ (લોકો વડે કહેવાયેલી કથા), કેશુભાઈ દેસાઈ (પ્રસાદ), રાઘવજી માધડ (પ્રતિસ્પર્ધી), ભી ન વણકર (મા તે મા), ડૉ. અનિલ ચૌહાણ (લાલ બલુન), કલ્પના જિતેન્દ્ર (હવે તમારે જરાય ચિંતા નહિ !)ને સ્થાન મળ્યું છે.

વિનોદિકા સંપુટમાં નિપુણ સી ચોકસી (ચાલો ટ્રેકિંગ કરવા), ભર્ગદેવ ભટ્ટ (ભૂલક્કડ), કૃષ્ણ પંડિત (ગાદલા કાંડ) અને અધીર અમદાવાદી (ગુરુ થા તારો તું જ, બાથરૂમ સિંગિંગમાં)ને સ્થાન મળ્યું છે અને નાટિકા સંપુટમાં વરિષ્ટ નાટ્યકાર પ્રકાશ લાલા (વાત વાતમાં...)ને સ્થાન મળ્યું છે.

કાવ્ય સંપુટમાંય ગાંધીનગરના સર્જકો પાછળ નથી. અહીં હરિકૃષ્ણ પાઠક (નથી ને ?), દલપત પઢિયાર (મેં કીધું : હા મા !), ભાગ્યેશ જહા (શબદ જે આવતો), હર્ષદ ત્રિવેદી (તારી આંખમાં...), ફિલિપ ક્લાર્ક (શક્યતાના સરૂવનમાં...), દિનેશ દેસાઈ (કાયમ દિવાળી...), અનંત પટેલ (વૃક્ષ...), ડૉ. કનૈયાલાલ ભટ્ટ (તમે કરો તે લીલા મનજી...), ચંદ્રાબહેન શ્રીમાળી (શબ્દ સખાનું અભિવાદન...), પ્રજ્ઞા પટેલ (હવે આપો હોંકારો હરિ...), કિશોર જીકાદરા (ખૅરિયત છે !), ભાનુપ્રસાદ પુરાણી (અખંડ જ્યોત ઝળહળે !), ભરત કવિ 'ઊર્મિલ' (સાયર ખોળે રમતો સૂરજ...), ધરમાભાઈ શ્રીમાળી (ઉજાણી...), રમેશ ઠક્કર (નવી પરોઢે...), ડૉ. પ્રદીપ આઝાદ (કહેવા દો ફરી) અને સંજય થોરાત (વૉટ્સ ઍપ એટલે) સ્થાન પામ્યા છે.